# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC
(CGPA 3.05)

**સંદર્ભ :–** જીલ્લા નાયબ નિયામક (વિકસતિ જાતિ), રાજકોટનો તા.૨૮–૦૩–'૧૬ ના પત્ર ક્રમાંક :
ના. નિ / વિ.જા / ૧૫–૧૬ / ૧૪૭૮ થી ૧૬૭૮.

**પરિપત્ર :–**

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ / સંચાલકશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ પરનાં પત્રની વિગતે વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન આપની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની દરખાસ્ત જીલ્લા નાયબ નિયામક (વિકસતિ જાતિ) ની કચેરીને કોલેજ ધ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હોય તેમાં જે વિદ્યાર્થીનો આધાર નંબર બાકી હોય તો તેની વિગત તેમજ ગુજરાત સરકારશ્રીની સૂચના અનુસાર ડેટા તૈયાર કરવાનો હોય વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ સાથે આધાર લીન્કઅપ કરવા માટે જે કોલેજ ધ્વારા દરખાસ્ત મોકલવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીના આધાર કાર્ડ નંબર બાકી હોય તેમના આધાર નંબર મેળવી EXCEL માં તૈયાર કરી  પત્રની સાથે સામેલ પત્રકના સ્વરૂપમાં મોકલવા જણાવેલ હોય કોલેજ કક્ષાએથી સદરહું પત્રની વિગતે યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે, વધુ માહિતી અર્થે સદરહું પત્ર આ સાથે સામેલ રાખેલ છે, જે વિદિત થાય.

કુલસચિવ

**બિડાણ :–** સંદર્ભ પત્રની નકલ

નં. જોડાણ / ૨ / 902 / '૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા.29/૦૪ / '૧૬

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ
(યોગ્ય કાર્યવાહી અર્થે)....

**નકલ રવાના :–**

૧) જીલ્લા નાયબ નિયામક, (વિકસતિ જાતિ) ની કચેરી, ૬ / ૧, બહુમાળી ભવન, **રાજકોટ**
૨) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૩) કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે...

નં.નાં.નિ./વિ.જા/૧૫-૧૬/1478 થી 1678

ખાસ જરૂરી

ગુજરાત સરકારશ્રીની સુચના

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) નીકચેરી,
૬/૧, બહુમાળી ભવન,
ફોન નં.-૦૨૮૧-૨૪૪૭૩૬૨
Email- dcraj1@gmail.com

રાજકોટ.તા.૨૮/૦૩/૨૦૧૬

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચ માધ્યમિક/ કોલેજ,
રાજકોટ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - રાજકોટ
સામાન્ય વિભાગ
5 APR 2016
ઈનવર્ડ નંબર 1069
વિભાગ

વિષયઃ- વિધાર્થીઓનાં આધાર કાર્ડની માહિતી મોકલવા બાબત.

સવિનય ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૫-૧૬માં આપની સ્કુલ/ કોલેજમાં અભ્યાસ કરતા જે વિધાર્થીઓની દરખાસ્ત અત્રેની કચેરીને કરવામાં આવેલ હતી તે દરખાસ્તમાં સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગના વિધાર્થીઓને શિષ્યવૃતિ BCK-81A ભારત સરકારની શિષ્યવૃતિ મંજૂર કરેલ છે. જેમાં જે વિધાર્થીનો આધાર નંબર બાકી હોય તેવા વિધાર્થીને નીચે જણાવેલ પત્રકમાં માહિતી તૈયાર કરવાની રહેશે. આ યોજના ભારત સરકારશ્રીની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની યોજના માટે મુખ્ય સચિવશ્રી ગુજરાત સરકારશ્રીની સૂચના અનુસાર ડેટા તૈયાર કરવાનો હોય જેથી વિધાર્થીઓને બેંક એકાઉન્ટ સાથે આધાર લીન્કઅપ કરવા માટે જરૂરી સૂચના આપવી તેમજ આપની સંસ્થાએ જે દરખાસ્ત કરેલ છે તેમાં વિધાર્થીના આધાર કાર્ડ નંબર બાકી હોય તેમના આધાર નંબર મેળવી નીચે મુજબના નમૂનામાં Excelમાં અંગ્રેજીમાં તૈયાર કરી અત્રેની કચેરીને તાત્કાલિક કામ કરતા કર્મચારી દ્વારા રૂબરૂમાં આપી જવા વિનંતી.

| શાળા/કોલેજ દરખાસ્તનો વિધાર્થીનો ક્રમ | આધાર નંબર | વિધાર્થીનું નામ | ધોરણ |
|---|---|---|---|
| | | | |
| | | | |

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
જોડાણ વિભાગ
6 APR 2016
ઈનવર્ડ નંબર :

જિલ્લા નાયબ નિયામક
(વિકસતિ જાતિ)રાજકોટ.